પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૪૭ | ૧૭ નવેમ્બર, ૨૦૧૭, શુક્રવાર ; કારતક વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**દિલ્હી સરકાર વિવિધ સેવાઓ ઘરે બેઠા આપશે**

દિલ્હી નિવાસીઓ માટે કેજરીવાલ સરકારે મોટી જાહેરાત કરી છે. આપ સરકાર સાર્વજનિક સેવાઓની હોમ ડીલીવરી કરશે. જેમાં રેશનકાર્ડ ધારકોને અનાજની હોમ ડિલિવરી તથા વિવિધ દસ્તાવેજો અને પ્રમાણપત્રો ઘર સુધી પહોંચાડવામાં આવશે.

**ટેનીસ સ્ટાર પી. વી. સિંધુ પર ફિલ્મ**

દુનિયાભરમાં ભારતનું નામ રોશન કરનાર બેડમિન્ટન ખેલાડી પી.વી. સિંધુ અને તેના કોચ પી.ગોપીચંદ પર ફિલ્મ બનાવવાની યોજના આકાર પામી રહી છે.


**મહારાષ્ટ્ર-ગોવામાં પોસ્ટ ઓફિસમાં બનશે આધારકાર્ડ**

મહારાષ્ટ્ર અને ગોવાના રહેવાસીઓ આગામી વર્ષથી રાજ્યના ૧૨૦૦થી વધુ પોસ્ટ ઓફિસમાં આધારકાર્ડ અંગેની અરજી કરી શકશે.

**ગુગલ પિક્સલ-૨ મોબાઇલ લોંચ**

ગુગલ દ્વારા તેના લેટેસ્ટ અપગ્રેડ વર્ઝન ગુગલ પિક્સલ-૨નું અમદાવાદ ખાતે લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. માય મોબાઈલ ગેલેરીના હેડ વૈશલ શાહ અને ગુગલના ગુજરાત હેડ બ્રિન્દા રાવલના હસ્તે મોબાઈલ ફોનની દુનિયાના આ હાઈએસ્ટ રેટેડ મોબાઈલ ફોન ગુગલ પિક્સલ-૨નું લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. ગુગલ પિક્સલ-૨માં અનેક આકર્ષક ફીચર્સ અને સુવિધાઓ ઉમેરવામાં આવી છે.

# ‘પદ્માવતી’ વિવાદથી કેન્દ્રએ કર્યો કિનારો



નવી દિલ્હી,તા. ૧૬

સંજય લીલાભણશાલીની પદ્માવતી ફિલ્મને લઈને વિવાદ સતત વધી રહ્યો છે. સતત વધતા વિવાદ વચ્ચે હવે કેન્દ્ર સરકારે આ મામલામાં હાલ દરમિયાનગીરી કરવાનો ઈન્કાર કરી દીધો છે અને કહ્યું છે કે, કાયદો અને વ્યવસ્થાનો મામલો રાજ્યોનો છે. એકંદરે પરોક્ષરીતે સરકારનું કહેવું છે કે, જ્યાં સ્થિતિ સામાન્ય છે ત્યાં સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ફિલ્મને રજૂ કરી શકાય છે. બીજી બાજુ મહારાષ્ટ્ર સરકારે કહ્યું છે કે, રાજ્યભરમાં આ ફિલ્મને રજૂ કરનાર થિયેટરોને મજબૂત સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે આજે કહ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થા રાજ્યોનો વિષય છે અને રાજ્યોએ આને પોતાનીરીતે હાથ ધરવાની જરૂર છે. કેન્દ્ર સરકારનું વલણ સપાટી ઉપર આવ્યા બાદ જુદા જુદા રાજ્યો તરફથી પોતાની પ્રતિક્રિયા આપવામાં આવી રહી છે. કેન્દ્રિય ગૃહમંત્રાલયનું કહેવું છે કે, સ્થિતિ ઉપર અમારી નજર છે. કોઈપણ પ્રકારની હિંસા અથવા તો અવ્યવસ્થાને ચલાવી લેવામાં આવશે નહીં. કેન્દ્રીય ગૃહમંત્રાલયનું કહેવું છે કે, ઉત્તર પ્રદેશ સરકારના પત્રને ધ્યાનમાં લઈને પદ્માવતીને લઈને થઈ રહેલા કોની નજર છે. પરંતુ હાલમાં દરમિયાનગીરી કરવામાં આવશે નહીં. જુદા જુદા સમુદાયના લોકો વિવિધ રાજ્યમાં હોબાળો મચાવી રહ્યા છે. મહારાષ્ટ્ર સરકારે સાફ શબ્દોમાં કહ્યું છે કે, પહેલી ડિસેમ્બરના દિવસે આ ફિલ્મ રજૂ થયા બાદ પુરતી સુરક્ષા આપવામાં આવશે. બીજી બાજુ ઉત્તર પ્રદેશ સરકારે કાયદો અને વ્યવસ્થાની સમસ્યાને ટાળવા ફિલ્મની રજૂઆતને રોકવા માહિતી અને પ્રસારણ મંત્રાલયને કહ્યું છે. મંત્રાલયને લખવામાં આવેલા પત્રમાં ઉત્તર પ્રદેશના મુખ્ય સચિવ (ગૃહ) અરવિંદ કુમારે કહ્યું છે કે, અમે સાવધાનીપૂર્વક આગળ વધી રહ્યા છે. આ ફિલ્મમાં ઈતિહાસ સાથે ચેડા કરવામાં આવ્યા છે. બનાવટી અને કાલ્પનિક પટકથા રચવામાં આવી છે જેથી દેશમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યું છે. વિરોધ પ્રદર્શનનો દોર હાલ જારી રહે તેવી શક્યતા છે. વિરોધ પ્રદર્શન વચ્ચે કેન્દ્રીયમંત્રી ઉમા ભારતીએ મોટુ નિવેદન કર્યું છે. જો કે, ઉમા ભારતી દિપીકાનો બચાવ કર્યો છે.

## દિપીકા - ભણસાલી પર હુમલાની ખુલ્લી ધમકી



હિન્દી ફિલ્મ પદ્માવતીનો વિરોધ કરી રહેલી કરણી સેનાએ અભિનેત્રી દિપીકા ઉપર હુમલો કરવાની ધમકી પણ આપી દીધી છે. કરણી સેનાના અધ્યક્ષ લોકેન્દ્રનું કહેવું છે કે જો અમને ઉશ્કેરવામાં આવશે તો અમે દિપીકાનું નાક કાપી દઈશું. પહેલી ડિસેમ્બરના દિવસે ફિલ્મની રજૂઆતના દિવસે અમે ભારત બંધની જાહેરાત કરી ચુક્યા છે. રાજસ્થાનમાં કરણી સેનાના વધુ એક નેતા મહિપાલ મકરાણાએ કહ્યું છે કે, દિપીકાને અમે ચેતવણી આપી રહ્યા છીએ.

સંજય લીલા ભણસાલીનું માથું લાવી આપનારને ૫ કરોડના ઈનામની વાતો પણ વહેતી થઈ છે.

## મહારાષ્ટ્રમાં ખેડૂતો ઉપર ગોળીબારથી અન્ના લાલઘૂમ

મુંબઈ,તા.૧૬

મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના શેગામમાં ચક્કાજામ આંદોલન કરી રહેલા શેરડીના ખેડૂત આંદોલન પર પોલીસે બુધવારે લાઠીચાર્જ અને ગોળીબાર કર્યો હતો. પોલીસ કાર્યવાહીમાં બે ખેડૂત ઈજાગ્રસ્ત બન્યા છે. બન્નેની સારવાર ખાનગી હોસ્પિટલમાં કરવામાં આવી રહી છે. સમાજસેવી અન્ના હજારેએ પોલીસની આ કઠોર કાર્યવાહીની નિંદા કરી છે. જ્યારે ખેડૂતો પર ગોળીબારનો વિરોધ કરતા આજે સુકાણુ સમિતિના સભ્યોએ પ્રાદેશિક સહ સંચાલક (ખાંડ)ને તેમની જ ઓફિસમાં બંધ કરી આંદોલન કર્યું હતું. સુકાણુ સમિતિના સભ્યોની માંગ છે કે અગ્રણી ખાંડની મિલોના સંચાલકોએ તેમની સાથે મળીને વાત કરવી જોઈએ.

## કાશ્મીરમાં સૈનાને સફળતા, ત્રણ આતંકી ઝડપાયા

શ્રીનગર, તા.૧૬

જમ્મુ કાશ્મીરમાં સેનાને એક મોટી સફળતા મળી છે. સેના અને રાજ્ય પોલિસ દ્વારા કરવામાં આવેલા એક સંયુક્ત ઓપરેશનમાં હલનકુંડ અંતર્ગત કુલગામ સહિત રાજ્યના અન્ય વિસ્તારોમાં સર્ચ કરીને ત્રણ આતંકીઓને જીવતાં ઝડપી લેવાયાં છે. પકડાયેલાં ત્રણ આતંકીઓ પૈકી એક આતંકી ઘાયલ છે. આ મોટી સફળતા પર સેનાએ જણાવ્યું છે કે જ્યારે જરૂર પડશે ત્યારે સેના દ્વારા આ પ્રકારના અભિયાનો થતા રહેશે.

જમ્મુકાશ્મીર પોલિસના આઈજી મુનીર ખાને એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે આ અભિયાન ૧૪ નવેમ્બરથી ચાલી રહ્યું છે. આમાં અત્યાર સુધીમાં ત્રણ આતંકીઓને જીવતા ઝડપી પાડવામાં આવ્યા છે. મુનીરે જણાવ્યું કે પકડાયેલા આતંકીઓ પૈકી એક આતંકી ઘાયલ છે જેની સારવાર ચાલી રહી છે.

તો બીજી બાજુ સેના દ્વારા સ્થાનિક આતંકીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ હિંસાનો રસ્તો છોડીને મુખ્ય પ્રવાહ સાથે જોડાઈ જાય. મહત્વનું છે કે કાશ્મીરમાં અત્યારે યુવાનો વચ્ચે કટ્ટરપંથી અને આતંકી સંગઠનો સાથે જોડાવાનો ખતરનાક ટ્રેંડ ચાલી રહ્યો છે. આ લિસ્ટમાં એક નવું નામ સામે આવ્યું છે. જે યુવાનનું નામ સામે આવ્યું છે તે યુવાન ૨૦ વર્ષનો માજીદ ખાન છે. માજિદ જિલ્લા સ્તર પર ફિટબોલ ખેલાડી રહી ચૂક્યો છે અને મૂળ તે અનંતનાગનો રહેવાસી છે. થોડા દિવસ પહેલા જ તેણે આતંકી સંગઠન સાથે જોડાવાની જાહેરાત કરી હતી. માજિદ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયના કારણે તેનો પરિવાર, સગાવ્હાલાં અને તેના મિત્રો સહિતના તમામ લોકો અચંબિત થઈ ગયા છે.

મહત્વનું છે કે આતંકી સંગઠનો સ્થાનિક યુવાનોને ટાર્ગેટ કરી રહ્યા છે. ધર્મની અંધશ્રદ્ધા અને ખોટી લાલચો તેમજ તેમનું બ્રેઈન વોશ કરીને પોતાના આતંકી સંગઠનમાં જોડાવા અને ભારત વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે યુવાનોને ટાર્ગેટ કરવાનું એક મોટુ ષડયંત્ર આતંકી સંગઠનો દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે.

## અમદાવાદ દિલ્હીની રાહે...



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેરમાં ગુરૂવારના રોજ એર કવોલીટી ઈન્ડેકસ ૩૧૧ સુધી પહોંચવાની સંભાવના વ્યકત કરીને શહેરીજનો માટે બહાર પાડવામાં આવેલી એડવાઈઝરી બાદ સફર એપ્સ દ્વારા અમદાવાદના વિવિધ વિસ્તારોના નોંધવામાં આવેલા એર ઈન્ડેકસ અનુસાર નવરંગપુરા અને બોપલ વિસ્તારમાં સૌથી વધુ પ્રદૂષણની માત્રા જોવા મળી હતી

# દેશમાં મોદી મેજિક યથાવત

ન્યુ દિલ્હી, તા.૧૬

પોતાના નોટબંધી અને જીએસટી જેવા નિર્ણયો પર ચૂંટણીટાંણે જ આલોચનાનો સામનો કરી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ગુજરાત વિધાનસભા ઈલેક્શન સારા સમાચાર આવ્યા છે. એક સરવે અનુસાર, ભારતીય રાજનીતિમાં મોદીનો જાદુ હજી પણ યથાવત છે.

અમેરિકી થિંક ટૈક પ્યુ રિસર્ચ સેન્ટર દ્વારા કરવામાં આવેલા સરવે અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતીય રાજનીતિમાં હવે સૌથી લોકપ્રિય હસ્તી છે. આ સરવેમાં અંદાજે ૨૪૬૪ લોકોને સામેલ કરવામાં આવ્યા હતા. આ વર્ષે ૨૧ ફેબ્રુઆરીથી ૧૦ માર્ચ સુધી કરવામાં આવેલ આ સરવે અનુસાર, ૮૮ ટકા લોકોએ મોદીને સૌથી લોકપ્રિય હસ્તી માનવામાં આવે છે. આ લિસ્ટમાં જોકે, કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પણ ૫૮ ટકાની સાથે બીજું સ્થાન મેળવવામાં સફળ રહ્યાં છે. ભારતીય રાજનીતિમાં સૌથી લોકપ્રિય હસ્તીના લિસ્ટમાં કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી ૫૭ ટકા સાથે ત્રીજા સ્થાન પર છે. જ્યારે કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ૩૯ ટકાની સાથે ચોથા સ્થાન પર છે. પ્યુ રિસર્ચે પોતાના સરવેમાં કહ્યું કે, જનતા દ્વારા મોદીની સકારાત્મક આકલન ભારતીય અર્થવ્યવસ્થાને લઈને વધતી સંતુષ્ટિથી પ્રેરિત છે. દર ૧૦માંથી ૮ લોકોએ કહ્યું કે, આર્થિક દશાઓ સારી છે.

## કોલકાતા ટેસ્ટમાં વરસાદ વિલન

કોલકાતા, તા. ૧૬

કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન ખાતે શરૂ થયેલી પ્રથમ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે આજે વરસાદના પરિણામ સ્વરુપે માત્ર ૧૧.૫ ઓવરની રમત શક્ય બનતા ક્રિકેટ ચાહકો ભારે નિરાશ થયા હતા. શ્રીલંકા તરફથી લકમલે જોરદાર તરખાટ મચાવીને ત્રણેય વિકેટ ઝડપી હતી. છ ઓવરમાં છ રન આપીને લકમલે તરખાટ મચાવ્યો હતો. ભારત તરફથી કેએલ રાહુલ શૂન્ય, ધવન આઠ અને વિરાટ કોહલી શૂન્ય રને આઉટ થયા હતા. આજે રમત બંધ રહી ત્યારે રહાણે શૂન્ય અને ચેતેશ્વર પુજારા આઠ રન સાથે રમતમાં હતા. ભારત તરફથી આ ટેસ્ટ મેચની નિરાશાજનક શરૂઆત થઈ હતી. આ ટેસ્ટ મેચનો લઈને ક્રિકેટ ચાહકોમાં ભારે રોમાંચ જોવા મળી રહ્યો હતો પરંતુ પ્રથમ દિવસે જ વરસાદ વિલન બનતા નિરાશા ફેલાઈ ગઈ હતી.

